GJBK010001422026

**<u>એમ.એ.સી.પી. દરખાસ્ત નં. ૫/૨૦૨૬ ના કામે આંક–૧ લગત હુકમ :–</u>**

૧. આ કામમાં અરજદાર તરફે હાલની દરખાસ્ત તા. ૧૫/૦૧/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ છે. સદરહું કામમાં નોટીસ બજયા બાદ આગળની કાર્યવાહી પ્રમાણે અરજદાર કે તેમના વકીલશ્રી હાજર રહેતા નથી. હાલના કામમાં દરખાસ્ત એ મની ડીક્રી પરની દરખાસ્ત છે અને રેકર્ડ જોતાં સામાવાળાની કઇ મિલ્કતમાંથી જપ્તી કરવાની છે તે અંગે કોઇ શીડયુલ કે ઇન્વેટરી આપવામાં આવેલ નથી કે આગળની કોઇપણ કાર્યવાહી કરવા અરજદાર તરફે કોઇ હાજર રહેલ નથી. હાલના કામમાં તા. ૧૨/૦૩/૨૦૨૬, તા. ૧૭/૦૩/૨૦૨૬ અને તા. ૨૦/૦૩/૨૦૨૬ ના રોજ અરજદાર કે તેમના તરફે કોઇહાજર ન હોય ન્યાયના હિતમાં આગળની કાર્યવાહી કરવા માટે મુદત પડેલી. હાલના કામમાં સામાવાળા પાસેથી કઇ રીતે રકમ વસુલ કરવાની છે તે અંગે કોઇ જપ્તી વોરંટની અરજી પણ આપવામાં આવેલ નથી. કોઇ પરીશીસ્ટ પણ આપવામાં આવેલ ન હોય કે ઇન્વેન્ટરી આપવામાં આવેલ ન હોય જેથી અરજદાર તરફે વધુમાં આગળની કાર્વાહી કરવા માટે કોઇ અરજી અહેવાલ ન હોય અને છેલ્લી ત્રણ મુદતથી કોઇ હાજર રહેતું ન હોય, જેથી હાલની દરખાસ્ત અરજદારની ગેરહાજરીના કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ (ડી.ડી.) કરવામાં આવે છે.

૨. વધુમાં, અરજદાર ભવિષ્યમાં સામાવાળાની મિલ્કતની ઇન્વેન્ટરી અને તેનું શીડયુલ મેળવીને ફરીથી નવી દરખાસ્ત દાખલ કરી શકશે.

આજ રોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

પાલનપુર.
તા. ૨૪/૦૩/૨૦૨૬

(અમિત જે. કાનાણી)
એમ.એ.સી.ટી. (ઓકઝી) અને
બીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ,
બનાસકાંઠા–પાલનપુર.
(કોડ નં. જી.જે. ૦૦૬૬૨)